
(તસવીર : સતીષ જાદવ)



# ગ્રાહકો પાસેથી લેવાતી રકમના વિતરણની ફોર્મ્યુલા પણ હતી

**વિજય** કસ્તુરે રેકેટનો મુખ્ય સંચાલક

સુરતઃ રૂપેશ મિશ્રાએ પોલીસને જણાવ્યું હતું કે એકવારના દેહસુખ માટે ગ્રાહકો પાસેથી રૂ. 3500થી રૂ. 5000 વસૂલવામાં આવતાં. સામાન્ય રીતે 3500ની ડીલમાં પૈસાનું વિતરણ પણ નક્કી હતું. જ્યાંથી રૂ.2000 વિજય કસ્તુરે પોતે કમિશન તરીકે રાખતો અને મહિલાને રૂ.1500 આપવામાં આવતા.

આ વ્યવસ્થા સમગ્ર રીતે મેનેજર સ્તરે કન્ટ્રોલ કરવામાં આવતી અને રેકેટના નફાનો મોટો હિસ્સો વિજય કસ્તુરે ઉઘરાવતો હતો. પોલીસ હવે આ નાણાકીય વહેંચણીના તમામ ટ્રાન્સફર ડેટા અને બેંક ખાતાઓની તપાસ શરૂ કરી ચૂકી છે.

પોલીસ પૂછપરછ દરમિયાન પકડાયેલા રૂપેશ ઉર્ફે મેક્સી મિશ્રાએ ખુલાસો કર્યો કે આ હાઈ-પ્રોફાઈલ સેક્સ રેકેટનો મુખ્ય સંચાલક વિજય મોહન કસ્તુરે છે. હોટલના તમામ ખર્ચાઓ તેમજ કર્મચારીઓના પગારની વ્યવસ્થા કસ્તુરે કરતો હતો.

આ રેકેટ સંપૂર્ણપણે વોટ્સએપ દ્વારા સંચાલિત થતું હતું. ગ્રાહકો પાસેથી વસૂલાતી રકમ યોગેશ દિલીપભાઈ તાલેકર નામના શખ્સના બેંક ખાતામાં ઓનલાઇન ટ્રાન્સફર થતી હતી.

ઉપરાંત, "અશોકમામા" નામનો એક ડ્રાઈવર વિદેશી મહિલાઓને લાવવા અને પાછા મોકલવાનું કામ કરતો હતો. પોલીસે હવે આ ત્રણેય શખ્સને વોન્ટેડ જાહેર કરી તેમની શોધખોળ શરૂ કરી છે.

### ફાર્મ હાઉસ સલામત હૈ, યે ભી 10-15 દિન મેં ચાલુ હો જાયેગા: એજન્ટોને મેસેજ

સૂત્રો પાસેથી માહિતી મળી હતી કે વિજયનું હજુ એક ફાર્મ હાઉસમાં કૂટણખાનું ચાલી રહ્યું છે, જે ભૂરી નામની થાઈ મહિલા ઓપરેટ કરી રહી છે. આજે સવારે પોલીસમાં પકડાયેલો વિજયના એક ઇસમે તેના સબ એજન્ટોને મેસેજ કરી જણાવ્યું હતું કે ફાર્મ હાઉસ સહી સલામત હૈ, વહાં વ્યાપાર ચાલુ હૈ, ઓર યે ભી 10-15 દિન મેં ચાલુ હો જાયેગા. મગદલ્લામાં વિજયે થાઈ મહિલાઓને રાખવા અનેક મકાન ભાડે રાખ્યા છે. ગુર્જર દ્વારા જ્યારે વિજયના સમગ્ર અડ્ડા બંધ કરાવ્યા હતા ત્યાર વિજય અનેકને ખાવા પીવાની સગવડ પૂરી પાડતો અને ખર્ચ પણ આપતો હતો. આ ફાર્મ હાઉસમાં હુક્કા અને દારૂ સહિતની વ્યવસ્થા પણ છે.

# PM મિત્રા પાર્કમાં CMની દખલની માંગ

**ટેક્સટાઇલ** ઉદ્યોગકારોની માંગણીને પગલે ચેમ્બર પ્રમુખ નિખિલ મદ્રાસીએ મુખ્યમંત્રીને પત્ર લખ્યો

સુરતઃ સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખી નવસારીના જલાલપોર તાલુકાના વાંસી બોરસી પીએમ.મિત્રા મેગા ટેક્સટાઈલ પાર્કના ઝડપી વિકાસ માટે સીધી સૂચનાઓ આપવા અપીલ કરી છે.

ચેમ્બર પ્રમુખ નિખિલ મદ્રાસીએ ટેક્સટાઈલ ઉદ્યોગકારોની માંગણીને પગલે મુખ્યમંત્રીને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં પ્રસ્તાવિત પીએમ મિત્ર પાર્ક માટે વાંસી બોરસી સ્થળની પસંદગી સુનિશ્ચિત કરવામાં તમારા મૂલ્યવાન સમર્થન માટે અમે હાર્દિક શુભેચ્છાઓ પાઠવીએ છીએ. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચેના સમજૂતી કરાર, પીએમ મિત્રા પાર્કની સ્થાપના અને એસપીવી બનાવવા માટે જુલાઈ, 2023 ના રોજ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.તે એમઓયુને લગભગ 2 વર્ષ થઈ ગયા છે, પરંતુ નવસારીના વાંસી-બોરસીમાં પીએમ મિત્રા પાર્ક માટે કોઈ ગ્રાઉન્ડ લેવલનું કામ કે માસ્ટર ડેવલપરની નિમણૂક થતી દેખાતી નથી.એ મામલે સીધી દખલ આપવા સાથે જરૂરી પગલાં લેવાની જરૂર છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે જુલાઈ 2023માં થયેલા MoU અને SPV રચનાને લગભગ બે વર્ષ વીતી ગયા છે. તેમ છતાં, હજુ સુધી કોઈ માસ્ટર ડેવલપરની નિમણૂંક કે જમીન પરનો વાસ્તવિક વિકાસ કાર્ય જ હજી શરૂ થયું નથી.

SGCCIએ સ્પષ્ટ કર્યું છે કે વાંસી-બોરસી ખાતે PM મિત્રા પાર્કની સ્થાપના માત્ર નવસારી નહીં પરંતુ સમગ્ર દક્ષિણ ગુજરાતના ટેક્સટાઈલ ઉદ્યોગ માટે વૃદ્ધિના નવા દરવાજા ખોલશે. પરંતુ કામગીરીમાં આવી રહેલા વિલંબથી ઉદ્યોગકારોમાં નિરાશા ફેલાઈ રહી છે.

## અલથાણમાં ચોથા માળેથી નીચે પટકાતા કામદારનું મોત

સુરત : અલથાણ ખાતે નવી બંધાતી બિલ્ડીંગના ચોથા માળેથી પડી જતા કામદારનું મોત નીપજ્યું હતું. સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ મૂળ નવસારીના વતની અને હાલમાં અલથાણ વિસ્તાર આવેલી ઓરનેટ એવીરા નવી બાંધતી બિલ્ડિંગ ખાતે રહેતા 28 વર્ષીય નેમીચંદ રવિવારે બપોર બિલ્ડીંગના ચોથા માળે લાકડાની પાલક ખોલી રહ્યો હતો. ત્યારે અકસ્માતે તેઓ ચોથા માળેથી નીચે પટકાતાં તેનું મોત થઇ ગયું હતું.

## પાંડેસરામાં કરંટ લાગતા યુવકનું મોત

સુરતઃ પાંડેસરા ખાતે રહેતા યુવક નું કરંટ લાગતા મોત નીપજ્યું હતું. સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ મૂળ ઓરિસ્સા ગંજામ ના વતની અને હાલમાં પાંડેસરા વિસ્તારમાં આવેલ હરિ ઓમ નગરમાં રહેતા 30 વર્ષીય શિવરામ પિતૃવાસ પોલાઇ શનિવારે રાત્રે શિવરામભાઈ ઘરની પાણીની મોટર બંધ કરી રહ્યા હતા તે દરમિયાન ઈલેક્ટ્રિક બોર્ડ ને તેમનો હાથ અડી જતાં કરંટ લાગ્યો હતો. જેથી તેમ નું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. આ ઘટનાની તપાસ પાંડેસરા પોલીસે શરૂ કરી છે.

## કતારગામમાં માનસિક બીમારીથી કંટાળી યુવકનો આપઘાત

સુરતઃ કતારગામ ખાતે રહેતા યુવકે ઘરના લોખંડના હૂક સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.સ્મીમેર હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ કતારગામ વિસ્તારમાં આવેલ સંતોષી કુમાર સોસાયટીમાં રહેતા 25 વર્ષીય સાગર ભાઈ મગન ગોંડલિયાએ રવિવારે સવારે ઘરના લોખંડના હૂક સાથે દોરી બાંધી સાથે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે તેણે માનસિક બીમારીના કારણે આપઘાતનું અંતિમ પગલું ભર્યું હોવાની શક્યતા છે. અંગે વધુ તપાસ કતારગામ પોલીસ કરી રહી છે.

## ડભોલીની પરિણીતા સહિત બેનો આપઘાત

સુરત : શહેરમાં ડભોલીની પરિણીતા સહિત બે જણાંએ આપઘાત કરી લીધો હતો.

સ્મીમેર અને સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ મૂળ રાજસ્થાનના અને હાલમાં સચિન જીઆઈડીસી ખાતે આવેલ પરભુ ભાઈ ની ચાલમાં રહેતા 20 વર્ષીય પિન્ટુરામ પોખરાજ હરિજને રવિવારે સવારે ઘરના પંખા સાથે દોરી બાંધી અગમ્ય કારણોસર આપઘાત કરી લીધો હતો. જ્યારે ડભોલી ખાતે આવેલા સરદાર નગરમાં રહેતી 26 વર્ષીય રેણુકા બેન ગણેશ ભાઈપાટીલ પરિવાર સાથે રહેતા હતા. રેણુકા બેને શનિવારે સાંજે ઘરના લોખંડના હૂક સાથે સાડી બાંધી અગમ્ય કારણોસર આપઘાત કરી લીધોહતો. આ અંગે વધુ તપાસ સિંગણપોર પોલીસ કરી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે શહેરમાં છેલ્લા કેટલાક સમયથી આત્મહત્યાની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થયો છે જેમાં રવિવારે પણ આ પ્રકારની બે ઘટના પ્રકાશમાં આવી હતી.

# ચોકમાં કેબલ ચોરે ગાર્ડને ચપ્પુ મારી દીધું

**બે** સંદિગ્ધ યુવક ચોકબજાર મેટ્રો પ્રોજેક્ટની ટનલવાળી જગ્યામાં કેબલ ચોરવા ઘૂસ્યા હતા

**ગાર્ડે** તેમને આંતરીને અધિકારીને બોલાવ્યા તો એક યુવકે હુમલો કર્યો ને બંને નાસી છૂટ્યા

સુરતઃ ચોકબજાર વિસ્તારમાં મેટ્રો પ્રોજેક્ટની ટનલવાળી જગ્યા પર કેબલ ચોરી કરવા આવેલા બે શખ્સને સિક્યુરિટી ગાર્ડે અટકાવ્યા હતા. જો કે તેઓ ગાર્ડ ઉપર ચપ્પુ વડે હુમલો કરીને ગંભીર ઈજા પહોંચાડી ભાગી છૂટ્યા હતા.

લંબે હનુમાન રોડની ખારવા ચાલમાં રહેતા કિશન યાદવ મેટ્રો પ્રોજેક્ટમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવે છે. ૧૩મી સપ્ટેમ્બરે તેઓ પોતાની ડ્યુટી પર હતા. તે સમયે સર જે.જે. ટ્રેનિંગ કોલેજ પાસેના મેટ્રો પ્રોજેક્ટના ટનલવાળા વિસ્તારમાં શીરપુર અને સલમાન (રહે. બાપુનગર, શીતલ ટોકીઝ પાસે) નામના બે શખ્સ ચોરીના ઈરાદે ઘૂસી આવ્યા હતા. આ બંને લાઈટના કેબલ ચોરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

કિશને તેમને અટકાવવાનો પ્રયાસ કર્યો અને તેમના સિક્યુરિટી ઈન્ચાર્જ ગોયલને ફોન કરીને જાણ કરતા ગોયલ તરત જ ઘટનાસ્થળે પહોંચી ગયા અને ચોરોને ત્યાંથી નીકળી જવા કહ્યું હતું. આ વાતથી શીરપુર ઉશ્કેરાઈ ગયો અને તેણે ચપ્પુ કાઢીને કિશન પર હુમલો કરી દીધો. હુમલામાં કિશનને ગંભીર ઈજા પહોંચી હતી, જ્યારે બંને આરોપી ત્યાંથી ભાગી છૂટ્યા હતા.

કિશને અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બંને આરોપી વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ હાથ ધરી તેમને ઝડપી પાડવા માટે કાર્યવાહી શરૂ કરી છે.

## હજીરામાં યુવકની હત્યા કરાયેલી લાશ મળી આવતા ચકચાર

સુરતઃ હજીરામાંથી 24 વર્ષીય યુવકની હાથ-પગ બાંધેલી હાલતમાં લાશ ઝાડીઓમાં મળી આવી છે. તેની બોથડ પદાર્થ વડે અત્યંત નિર્દયતાપૂર્વક હુમલો કરી હત્યા થઇ હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

હજીરા પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ મૃતકની ઓળખ રણજિત પાસવાન તરીકે થઈ છે, જે મૂળ ઝારખંડનો રહેવાસી હતો અને હજીરા સ્થિત અદાણી ઈન્ડસ્ટ્રીઝમાં હાઉસકીપિંગ સ્ટાફ તરીકે ફરજ બજાવતો હતો. રવિવારની સવારે નજીકના વિસ્તારમાં રહેતા સ્થાનિક લોકોને ઝાડીમાં લાશ નજરે પડી હતી. એસીપી દીપ વકીલે જણાવ્યું હતું કે, તેના હાથ-પગ બાંધેલા હતા અને શરીર પર ઘાતક હુમલાના નિશાન જણાતા હતાં. પોલીસે તેના સંપર્કમાં આવેલા લોકોની પૂછપરછ શરૂ કરી છે. ઘટનાસ્થળ નજીકના સીસીટીવી ફૂટેજ પણ ખંગાળવામાં આવી રહ્યા છે. પોલીસને આશા છે કે ટૂંક સમયમાં આરોપીઓ પકડાઈ જશે.

# લોખંડની ટ્રોલી પડતાં બે ને ગંભીર ઈજા થઈ

**કતારગામમાં** નવી બાંધતી બિલ્ડીંગના ઉપરના માળેથી લોખંડની ટ્રોલી પડતા બે વ્યક્તિને ગંભીર ઇજા

સુરતઃ કતારગામમાં નવી બનતી બિલ્ડિંગમાંથી લોખંડની ટ્રોલી પડતાં બેને ઈજા પહોંચી હતી.

સ્મીમેર હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ ઈજાગ્રસ્ત વ્યક્તિઓમાં 50 વર્ષીય ગુલાબસિંગ ફતેસિંગ રાજપૂત નો સમાવેશ થાય છે, જે વરાછા વિસ્તારના પટેલ નગરમાં રહે છે અને કતારગામની સુમેરૂ લક્ષ્મી સ્ટેટ રેસિડેન્સી બિલ્ડિંગમાં વોચમેન તરીકે કામ કરે છે.

તેમની સાથે 20 વર્ષીય નસીમ આલમ, જે ચોક બજારના વરીયાળી બજાર નજીક રહે છે, તેઓ આ જ બિલ્ડિંગમાં પ્લમ્બર ના હેલ્પર તરીકે ફરજ બજાવે છે. બંને વ્યક્તિઓ પોતપોતાના પરિવાર સાથે રહે છે અને આ બિલ્ડિંગમાં નિયમિત કામ કરતા હતા.શનિવારે સાંજે, નસીમ અને ગુલાબસિંગે કામ પૂરું કરી ઘરે જવા માટે બિલ્ડિંગના નીચેથી પસાર થવાનું શરૂ કર્યું.

આ દરમિયાન, બિલ્ડિંગમાં ચાલી રહેલા બાંધકામ દરમિયાન ઉપરના માળે થી લોખંડની ટ્રોલી અચાનક નીચે પડી હતી, જે સીધી તેમના માથા પર પડી હતી.

આ અકસ્માતના કારણે બંને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. જેથી આસપાસના લોકોએ તાત્કાલિક તેમને સ્મીમેર હોસ્પિટલ પહોંચાડ્યા હતા.જ્યાં ડોક્ટર દ્વારા તેમની સારવાર શરૂ કરવામાં આવી હતી .

જોકે હાલમાં બંને ની સારવાર ચાલી રહી છે.આ ઘટના એ બાંધકામ સ્થળો પર સુરક્ષા ના ધોરણો ની ઉણપ અને કામદારોની સલામતીના મુદ્દે ચિંતા ઉભી કરી છે. બાંધકામ દરમિયાન આવી ઘટનાઓ અટકાવવા માટે સખત સુરક્ષા નિયમો નું પાલન કરવું જરૂરી છે.

# પૈસાની લેતી-દેતીમાં ભિક્ષુકે હત્યા કરી નાંખી

**સગરામપુરા** ક્ષેત્રપાળ મંદિર નજીકની ઘટના

સુરતઃ સગરામપુરા વિસ્તારમાં ક્ષેત્રપાલ હનુમાનજી મંદિર નજીક ફુટપાથ પર રહેતા એક ભિક્ષુક અને નજીકના મકાનમાં વસતા આધેડ વચ્ચે પૈસાની લેતીદેતીને લઈને ઝઘડો થયો હતો. આ ઝઘડામાં ઉશ્કેરાયેલા ભિક્ષુકે ચપ્પુ વડે આધેડ પર હુમલો કરીને તેની હત્યા કરી નાખી હતી. અઠવા પોલીસે ઘટનાની જાણ થતાં જ તરત કાર્યવાહી કરીને આરોપી ભિક્ષુકને ઝડપી પાડ્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, સગરામપુરાના ક્ષેત્રપાલ હનુમાનજી મંદિર નજીકના ફુટપાથ પર શંકર ધર્મપાલ ઠાકુર ભિક્ષા માંગીને જીવન ગુજારતો હતો. ગત રાત્રે તેની અને નજીકના મકાનમાં રહેતા ૪૫ વર્ષીય અખ્તર ગફારખાન પઠાણ વચ્ચે પૈસાની લેતીદેતીને લઈને તીવ્ર બોલાચાલી અને માથાકૂટ થઈ હતી. આ દરમિયાન ઉશ્કેરાયેલા શંકર ઠાકુરે અખ્તરની છાતીના ભાગે ચપ્પુ વડે ઘાતક હુમલો કરી દીધો હતો.

હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા અખ્તરનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં અઠવા પોલીસની ટીમ તરત જ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને અખ્તરના સગા સંબંધીઓને જાણ કરી હતી. પોલીસે હત્યાનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી અને ગણતરીના કલાકોમાં જ આરોપી શંકર ઠાકુરની ધરપકડ કરી લીધી હતી.

આ ઘટનાએ વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે અને પોલીસે આરોપી પાસેથી ચપ્પુ જપ્ત કરીને વધુ તપાસ હાથ ધરી છે. આવી ઘટનાઓને રોકવા માટે પોલીસ વધુ સતર્કતા વધારવાની વાત કરી રહી છે.

### સુરત રેલવે સ્ટેશન પર પાર્કિંગ કોન્ટ્રાક્ટર બેફામ

# તારે જેને પણ બોલાવવા હોય તેને બોલાવી લેજે

**મુસાફરો** સાથે દાદાગીરી અને ઝપાઝપી કરે છે

**વિડીયો** વાયરલ થતાં મુસાફરો માં રોષ

સુરતઃ સુરત રેલવે સ્ટેશન, જે મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ હબ (MMTH) તરીકે વિશ્વસ્તરીય સુવિધાઓ સાથે વિકસાવવામાં આવી રહ્યું છે. ત્યાં પાર્કિંગ વ્યવસ્થા સંબંધિત વિવાદે એક નવો પ્રશ્ન ઊભો કર્યો છે. જેના કારણે મુસાફરોમાં નારાજગી ફેલાઇ છે. તાજેતરમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં પાર્કિંગ કોન્ટ્રાક્ટરના કર્મચારી દ્વારા વાહનચાલક સાથે અભદ્ર વર્તન અને દાદાગીરી કરતો હોવાનો જોવા મળ્યો હતો.

વાયરલ વીડિયોમાં એક કર્મચારી પાર્કિંગને લઈને થયેલી નાની દલીલ દરમિયાન વાહનચાલક સાથે ઝપાઝપી કરતો અને વાહનને ધક્કો મારતો જોવા મળે છે. આ કર્મચારીએ "તારે જેને બોલાવવું હોય એને બોલાવી દે" જેવી ધમકીભરી ભાષાનો ઉપયોગ કર્યો, જેનાથી મુસાફરો અને તેમના સંબંધીઓમાં ગુસ્સો ફેલાયો હતો. આ ઘટના પાર્કિંગ વ્યવસ્થામાં પારદર્શિતા અને શિસ્તના અભાવને ઉજાગર કરે છે. આ પહેલા પણ સુરત રેલવે સ્ટેશનના પાર્કિંગ વિસ્તારમાં અયોગ્ય વર્તન અને વધુ ફી વસૂલવાની ઘટનાઓ પ્રકાશમાં આવી ચૂકી છે. થોડાક સમય પહેલાં આ જ વિસ્તારમાં એક કર્મચારીએ કાર પાર્કિંગ માટે 100 રૂપિયાની વસૂલાત કરી હોવાનો વીડિયો વાયરલ થયો હતો. આવી સતત બનતી ઘટનાઓએ મુસાફરોમાં અસંતોષ વધાર્યો છે અને રેલવે સ્ટેશનની સેવાઓની ગુણવત્તા પર સવાલો ઉભા કર્યા છે.

રોજે અવરજવર કરતા મુસાફરોએ જણાવ્યું હતું કે, આવી ઘટનાઓથી સુરત રેલવે સ્ટેશન પર સુરક્ષિત અને સુગમ સેવાઓ મેળવવી મુશ્કેલ બની રહી છે. ઘણા મુસાફરોએ રેલવે તંત્ર પાસે પાર્કિંગ કોન્ટ્રાક્ટરોની દાદાગીરી અને અયોગ્ય વસૂલાત સામે કડક કાર્યવાહીની માંગ કરી છે. લોકોનું માનવું છે કે, વિશ્વસ્તરીય સ્ટેશનના નામે ચાલતા પુનર્વિકાસમાં મુસાફરોની સુવિધા અને સુરક્ષાને પ્રાથમિકતા આપવી જોઈએ.

# દિવાળીમાં માત્ર ભારતીય માલ જ ખરીદો અને વેચો

**SMAની** મીટિંગમાં આત્મનિર્ભર બનવા નિર્ણય, વેપારીઓએ પ્રતિજ્ઞા લીધી

સુરતઃ સુરત મર્કન્ટાઇલ એસોસિએશનની 207મી નિયમિત સાપ્તાહિક સમસ્યા નિવારણ બેઠક "SMA"ના વડા નરેન્દ્ર સાબુની અધ્યક્ષતામાં યોજાઈ હતી.

આજની બેઠકમાં હાજર વેપારીઓએ પ્રતિજ્ઞા લીધી કે દશેરા અને દિવાળીના આગામી તહેવારો પર, બધા દેશવાસીઓએ ફક્ત ભારતીય માલ ખરીદવાનો છે અને ફક્ત ભારતીય માલ વેચવાનો છે,

જેથી આપણો દેશ આત્મનિર્ભર બને. બેઠકમાં, દિવાળી પર ચાલી રહેલા વેપારનું અવલોકન કરવામાં આવ્યું છે. આ વખતે ઉત્તર ભારતમાં ગ્રાહક વેપાર 12થી 15% નબળો છે અને દક્ષિણ ભારત, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને તમિલનાડુમાં, આ વખતે દશેરા અને દિવાળી દરમિયાન વેપારમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે, એટલે કે વેચાણમાં 15થી 20%નો વધારો થયો છે.

બેઠકમાં ટેક્સટાઇલ ઉદ્યોગ પર જીએસટી રેટ રેશનલાઈઝેશનની અસર સુરતનાં ટેક્સટાઈલ હબ પર કેવી પડશે એ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

CA આકાશ અગ્રવાલ અને CA રિતેશ સિંઘલે જણાવ્યું હતું કે માનવસર્જિત ફાઈબર, યાર્ન અને વિવિધ ગ્રે કાપડ પરના GST દર ઘટાડીને 5% કરવામાં આવ્યા છે, જેનાથી ઈનપુટ ખર્ચમાં રાહત મળશે. હવે ભરતકામ, લેસ, વેણી, ટ્રીમિંગ વગેરે પર પણ 5% દર લાગુ થશે, જેનો સીધો ફાયદો સુરતના ભરતકામ અને જરી ઉદ્યોગને થશે.

રેડીમેડ ગાર્મેન્ટ્સ અને મેડ-અપ્સ 2500 સુધીના ભાવ માટે 5% રહેશે, પરંતુ 2500થી વધુ કિંમતના ગાર્મેન્ટ્સ માટે GST વધારીને 18% કરવામાં આવ્યો છે, જે પ્રીમિયમ ગાર્મેન્ટ ક્ષેત્ર પર વધારાનો બોજ નાંખશે.

બેઠકમાં એવું તારણ કાઢવામાં આવ્યું હતું કે એક તરફ ફાઈબર અને યાર્ન પરના દરમાં ઘટાડાથી કાપડ ઉદ્યોગને રાહત મળી છે, તો બીજી તરફ, ઊંચી કિંમતના વસ્ત્રો પરના દરમાં વધારાને કારણે, વેપારીઓએ નવી રણનીતિ અપનાવવી પડશે.

સેમિનાર પછી, વેપારીઓએ 2500થી વધુના વસ્ત્રો પર 18% GSTને સંપૂર્ણપણે ખોટો ગણાવ્યો અને કહ્યું કે આ વસ્ત્રો ઉદ્યોગને પ્રોત્સાહન આપવામાં અવરોધ ઊભો કરશે. સરકારે તાત્કાલિક તેને પાછો ખેંચી લેવો જોઈએ, આ મર્યાદા વધારીને 10000 કરવી જોઈએ, 18% ફક્ત 10000થી વધુના વસ્ત્રો પર લાગુ થવી જોઈએ.

# સાહિત્યકાર દિલીપ ઘાસવાળાનું દુ:ખદ નિધન



સુરત : સુરત શહેરના જાણીતા અભિનેતા તથા કવિ લેખક શ્રી દિલીપ વસંત ઘાસવાળાનું આજરોજ મોડી સાંજે ૭-૪૦ વાગે તેમના નિવાસસ્થાને ટૂંકી માંદગી બાદ અંતિમ શ્વાસ લીધા હતા. સ્વર્ગસ્થના ધર્મપત્ની રંજન તથા પુત્ર પવન અને વિશાળ મિત્ર વૃંદને વિલાપ કરતા મૂકી ગયા. દિલીપભાઈએ અભિનય યાત્રા કોલેજકાળથી શરૂ કરી હતી. એમણે કપિલદેવ શુક્લ,દીપક ગાંધી, પંકજ પાઠકજી અને મેહુલ શર્માના નાટકોમાં અભિનયના અજવાળા પાથર્યા હતા.

આ ઉપરાંત શહેરના અનેક નામી દિગ્દર્શકો સાથે પણ કામ કર્યું હતું. શહેરની જાણીતી સંસ્થાઓ રાષ્ટ્રીય કલા કેન્દ્ર અને યઝદી કરંજિયા ગ્રુપ

સાથે રહી અસંખ્ય નાટકોમાં અભિનય ઉપરાંત સંગીત સંચાલન પણ કર્યું હતું. સંસ્કૃતિ સંસ્થાના કારક્રમોની વ્યવસ્થામાં તેમના પ્રમુખ ફાળો હતો. એમના પ્રમુખ નાટકોમાં હયવદન, લોપ અલોપ, એક છળ ઝળહળતું, મિલીના ઘર તરફ અને વહાલના વારસદાર વગેરે હતા. જરાક થોભો નાટકના તેમણે આખા ગુજરાતમાં 450 થી વધુ પ્રયોગો કર્યા હતા. ગુજરાતી ફિલ્મો આ ઉપરાંત સીરીયલો અને ટીવી એડવર્ટાઇઝમેન્ટમાં પણ તેમણે અભિનયના ઓજસ પાથર્યા હતા. તેમના અવસાનથી શહેરના નાટ્ય જગતમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે તેમની અંતિમયાત્રા આવતીકાલે 15મી એ સવારે 10:00 કલાકે તેમના નિવાસ સ્થાનેથી નીકળશે.

## સંક્ષિપ્ત સમાચાર

### સ્વામી વિવેકાનંદ ટ્રસ્ટના હૃદય સ્પર્શ કાર્યક્રમમાં ડો. ભાવિન પટેલનું જાગૃતિ અભિયાન




સુરત : સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે મોતિયાનું ઓપરેશન કરી દ્રષ્ટિહીન લોકોને દ્રષ્ટિ આપવા કાર્યરત ટ્રસ્ટ છે. આ ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધી 950 નિ:શુલ્ક કેમ્પ યોજી, 2,10,000 લોકોની આંખની તપાસ કરી, 26,000 મોતિયાના ઓપરેશન વિનામૂલ્યે કરવામાં આવ્યા છે. 13 - સપ્ટેમ્બર - 2025 ના રોજ સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર ટ્રસ્ટ દ્વારા પટેલ સમાજની વાડી, આંબાતલાવડી, કતારગામ ખાતે યોજાયેલા કાર્યક્રમ 'હૃદય સ્પર્શ 'માં ડો. ભાવિન પટેલે (Retina surgeon) આંખોની સુરક્ષા અંગે જાગૃતિ ફેલાવવા અને અંધત્વ નિવારણ માટેના પ્રયત્નો દ્વારા સમાજ કલ્યાણ માટે સહભાગી થવા આહ્વાન કર્યું હતું. ટ્રસ્ટના કર્મયોગીઓના યોગદાનથી કાર્યક્રમ સફળ થયો હતો.

### સ્કેટના ફાઇનઆર્ટસ વિભાગના વિદ્યાર્થીઓની અનોખી સિદ્ધિ




સુરતની સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીની IDPT-SCET ફાઇનઆર્ટસના વિદ્યાર્થીઓ વિદિત શાહ અને રાજવી વ્યાસે, પ્રોફેસર યોગેન્દ્ર પટેલ અને પ્રોફેસર શશ્વત પટેલના માર્ગદર્શન હેઠળ, ભારતની ક્રિએટિવ ઇન્ડસ્ટ્રીના સર્વોચ્ચ સન્માનોમાંના એક – ક્યુરિયસ યંગ બ્લડ એવોર્ડ્સ 2025માં રેડ એલિફન્ટ જીતીને અનોખી સિદ્ધિ મેળવી છે. આ એવોર્ડ્સ ઝી દ્વારા રજૂ થતી પ્રતિષ્ઠિત ડિઝાઇનયાત્રા ફેસ્ટિવલમાં યોજાયા હતા. એવોર્ડ માટે આ વર્ષે કુલ 475થી વધુ એન્ટ્રીઓ મળી હતી, જેમાંથી માત્ર છ પ્રોજેક્ટ્સને જ રેડ એલિફન્ટથી સન્માનિત કરવામાં આવ્યા હતાં. જેને કારણે આ જીત ખાસ મહત્વપૂર્ણ બની છે.

### સુરત-નવસારી આહીર સમાજ દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



પલસાણાઃ સુરત અને નવસારી જિલ્લા આહીર સમાજ દ્વારા રવિવારે પલસાણા ખાતે એક ભવ્ય મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં કુલ 1660 યુનિટ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પનો મુખ્ય હેતુ થેલેસેમિયા અને અન્ય જરૂરિયાતમંદ દર્દીઓને મદદ કરવાનો હતો. આ પ્રસંગે ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદીપ દેસાઈ, નવસારીના રાકેશ દેસાઇ, સુરત મનપાના કોર્પોરેટર જીતુભાઈ કાછડ, મનપા હોસ્પિટલ સમિતિના અધ્યક્ષ મનીષા આહીર, અને નવસારી જિલ્લા પંચાયતના પ્રમુખ પરેશભાઈ દેસાઈ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આહીર સમાજના પ્રમુખ ઈશ્વરભાઈ આહીર ઉપ પ્રમુખ બાલુભાઈ આહીર, મંત્રી મોહનભાઇ આહીર દીપકભાઈ આહીર આગેવાનોએ સમાજના પરંપરાગત પહેરવેશ પહેરનાર વ્યક્તિનું વિશેષ સન્માન કર્યું હતું.

### ડૉ. નિલેશ જયવદનભાઈ પટેલ Ph.D. થયા



સુરત :જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટિટયૂટ ઓફ મેનેજ મેન્ટ અમરોલી, સુરતના મેનેજમેન્ટ વિષયનાં વ્યાખ્યાતા ડો. નિલેશ જયવદનભાઇ પટેલ ને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત તરફથી એમણે રજૂ કરેલ "A Study of Entrepreneurial Proclivity Among Higher Education Student of South Gujarat" વિષય પરના મહાશોધ નિબંધને માન્યતા આપી પીએચ.ડી.ની ડીગ્રી એનાયત કરી છે. તેમણે આ સંશોધન કાર્ય અમરોલી જે.ઝેડ.શાહ આર્ટસ અને એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ અમરોલી કોલેજનાં પ્રા. ડો.ચિરાગ કે. સીધ્ધપુરિયાનાં માર્ગદર્શન હેઠળ કોમર્સ-એકાઉન્ટન્સી વિષયમાં કરેલ છે.

### અગ્રસેન જયંતિ મહોત્સવમાં સર્કસ થીમ પર મ્યુઝિકલ હાઉઝી



સુરત : મહારાજા અગ્રસેન જયંતિ મહોત્સવ પર અગ્રવાલ વિકાસ ટ્રસ્ટ દ્વારા આયોજિત કાર્યક્રમોની શ્રેણીમાં, શનિવાર અને રવિવારે બે ભાગમાં મેઘા મ્યુઝિકલ હાઉજીનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના પ્રમુખ પ્રમોદ પોદ્દાર જણાવ્યું હતું કે આ પ્રસંગે સિટી-લાઇટ સ્થિત મહારાજા અગ્રસેન પેલેસના દ્વારકા હોલને સર્કસ થીમથી શણગારવામાં આવ્યો હતો. સાંજે 6 વાગ્યાથી આયોજિત કાર્યક્રમમાં, હોસ્ટ આરજે મીટ ઉપરાંત ચાર ગાયકો અને લાઇવ બેન્ડના પ્રદર્શન સાથે ગૃહ કાર્યક્રમ વગાડવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં, અનિલ શોરેવાલા, પ્રમોદ કંસલ, શશિભૂષણ જૈન, દિનેશ બંસલ, રમેશ અગ્રવાલ, યુવા શાખાના પ્રમુખ અંકિત ઝુનઝુનવાલા, મહિલા શાખાના પ્રમુખ રુચિકા રૂંગટા સહિત ટ્રસ્ટના ઘણા સભ્યો, યુવા અને મહિલા શાખાના ઘણા સભ્યો હાજર રહ્યા હતા.